ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૨૯/૨૦૨૬ તા. ૦૮/૦૭/૨૦૨૬

**વિષય:- વર્ષ ૨૦૨૬-૨૭ ની અનુસુચિત જાતિનાં વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal મારફત કરવા બાબત.**

**સંદર્ભ:- નાયબ નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણની કચેરીનો પત્ર ક્રમાંક નં.નાનિ/અજાક/પો.મેં.શિ./૨૦૨૬-૨૭/૧૫૫૫-૧૬૫૫ તા. ૦૬/૦૭/૨૦૨૬**

## પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨૬-૨૭ દરમિયાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/કોલેજો/યુનિવર્સિટીઓ/આઇ.ટી.આઇ./સંસ્થાઓમાં અભ્યાસ કરતાં અનુસુચિત જાતિનાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી ચુકવણું DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર સિસ્ટમ)થી કરવાનુ થાય છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૬-૨૭ દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/કોલેજો/યુનિવર્સિટીઓ/આઇ.ટી.આઇ./સંસ્થાઓ માં અભ્યાસ કરતાં અનુસુચિત જાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓ તેમજ આ સાથેના "માસવાર આયોજન" પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ ધ્યાને લઇ Digital Gujarat Portal પર ઓનલાઇન અરજીઓ કરાવવાની રહેશે. જે બાબતે નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર દ્વારા દૈનિક વર્તમાન પત્રોમાં જાહેરાત આપી વિદ્યાર્થીઓએ તથા સંસ્થાએ કરવાની થતી કાર્યવાહીની જાણ પણ કરવામાં આવેલ છે. જાહેરાતમાં આપેલ તેમજ વખતો-વખતની તમામ સૂચનાઓનુ ચુસ્તપણે પાલન કરી તમામ વિદ્યાર્થીઓને ઓનલાઇન અરજી કરાવવા અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ :- ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**

**ડીરેક્ટર**
**સ્કોલરશીપ સેક્શન,**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**જુનાગઢ.**

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ.

૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

**નકલ સાદર રવાના:-**

૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

<u>અગત્યનું/તાત્કાલિક/સમય મર્યાદા</u>

નં.નાનિ/અજાક/પો.મે.શિ./૨૦૨૬-૨૭/૧૫૫૫-૧૬૫૫
નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી,
બ્લોક નં.૧/૩, બહુમાળી ભવન,
સરદારબાગ, જૂનાગઢ
ફોન.નં.૦૨૮૫-૨૬૩૦૩૫૮
dbcwo-jun@gujarat.gov.in
તારીખ:- ૦૬/૦૭/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી (તમામ)
............................................................
............................................................
............................................................જિ.જૂનાગઢ

વિષય: વર્ષ: ૨૦૨૬-૨૭ની અનુ.જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ/ ફુડબીલ સહાય/ સાધન સહાય/ એમ.ફીલ-પી.એચ.ડી સહાય/ **ITI** સ્ટાઇપેન્ડ/ ખાનગી ટ્યુશન સહાય(વિ.પ્ર.) યોજનાઓનો અમલ **Digital Gujarat Portal** મારફત કરવા બાબત
**(https://www.digitalgujarat.gov.in)**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ચાલુ વર્ષ:૨૦૨૬-૨૭ ના શૈક્ષણિક સત્ર દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો મંજૂર કરી DBT દ્વારા ચૂકવણું કરવાનુ થાય છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૬-૨૭ દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં અનુ.જાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓ તેમજ આ સાથેના "માસવાર આયોજન" પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ ધ્યાને લઇ **Digital Gujarat Portal** પર ઓનલાઇન અરજીઓ કરાવવાની રહેશે. જે બાબતે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર કચેરી દ્વારા દૈનિક વર્તમાન પત્રોમાં જાહેરાત આપી વિદ્યાર્થીઓએ તથા સંસ્થાએ કરવાની થતી કાર્યવાહીની જાણ પણ કરવામાં આવેલ છે. જાહેરાતમાં આપેલ તેમજ વખતો-વખતની તમામ સૂચનાઓનુ ચુસ્ત પણે પાલન કરી શિષ્યવૃત્તિ મળવાપાત્ર તમામ વિદ્યાર્થીઓને ઓનલાઇન અરજી કરાવવા વિનંતી છે. (જાહેરાતની નકલ સામેલ છે) જાહેરાતથી જે સૂચનાઓ આપવામાં આવેલ હતી તે આપની જાણ સારૂ ફરી આપવામાં આવે છે.

A. <u>વિદ્યાર્થીઓએ કરવાની/સમજવાની કાર્યવાહી:-</u>

(૧) પ્રથમ વિદ્યાર્થીઓએ ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી **"Login/Register"** ઓપ્શનમાં જઇ **"Citizen Login"** પર ક્લીક કરી **"New Registration(Citizen)"** પર ક્લીક કરી નવું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. નવુ રજીસ્ટ્રેશન Email ID, મોબાઇલ નંબર તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરવાનું રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાના રહેશે. રજીસ્ટ્રેશન વખતે **E-mail ID** અને મોબાઇલ નંબર આવશ્યક છે. (સદરહું મોબાઇલ નંબર જ્યા સુધી સંપૂર્ણ અભ્યાસક્રમની શિષ્યવૃત્તિ/ સહાય મળી ન જાય ત્યા સુધી ચાલુ રાખવા વિનંતી છે) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પોતાનો મોબાઇલ નંબર પોતાના યુઝરનેમ તરીકે તથા જે પાસવર્ડ બનાવેલ હોય તેનો ઉપયોગ કરી પુન: **Login** કરવાનું રહેશે.

જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે અગાઉના વર્ષોમાં સદરહું પોર્ટલ મારફત શિષ્યવૃત્તિ/સહાય યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય કે

Scanned with OKEN Scanner

પોર્ટલની અન્ય યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓ અગાઉના Login ID-Password વડે લોગીન કરી જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.

(૨) જે વિદ્યાર્થીઓ ગત વર્ષનો પોતાનો Password ભુલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ "Forgot Password" પર ક્લીક કરી પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ પર OTP મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. નવો પાસવર્ડ મળ્યા બાદ પોતાનો મોબાઇલ નંબર User ID રહેશે અને પાસવર્ડ જે નવો બનાવેલ છે તે રહેશે. "Forgot Password" ઓપ્શન ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લોગીન પેજ પર ઉપલબ્ધ છે.

જે વિદ્યાર્થીઓનો રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ખોવાઇ ગયેલ હોય કે કોઇ કારણસર બંધ થઇ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ જિલ્લાની SC/ST/OBC કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાની પ્રોફાઇલમાં મોબાઇલ નંબર બદલાવી શકે છે.

(૩) ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ "Services" મેનુમા જઇ "Scholarship Services" Option પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ યોજનામાં એપ્લાય કરી શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

(૪) "Scholarship Services" Option પર ક્લિક કર્યા બાદ શૈક્ષણિક વર્ષ દર્શાવતા ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૧૭-૧૮ થી વર્ષ:૨૦૨૫-૨૬ સીલેક્ટ કર્યેથી જો અગાઉના વર્ષોમાં કોઇ શિષ્યવૃત્તિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે. ચાલુ વર્ષ:૨૦૨૬-૨૭ માટે ઓનલાઇન અરજી કરવા માટે "Request a New Services" બટન પર કલીક કરી Select Financial Year ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૨૬-૨૭ જ સીલેક્ટ કરવાનુ રહેશે.

જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૨૫-૨૬માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃત્તિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક "Renewal" મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી. "Renewal" બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચેક કરી જરૂરી બિડાણો અપલોડ કરી અરજી ઓનલાઇન સેન્ડ કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

(૫) જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક "Renewal" મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ "Request a New Service" બટન પર ક્લીક કરી "Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૬-૨૭ પસંદ કરીને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

(૬) જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી લોગીન કર્યા બાદ "Services" મેનુમા જઇ "Scholarship Services" Option પર ક્લીક કરી "Request a New Service" બટન પર ક્લીક કરવાનું રહેશે. ત્યારબાદ "Select Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૬-૨૭ સીલેક્ટ કરી "(Director Scheduled Caste Welfare)" હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ "Continue to Service" પર ક્લીક કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને Attachmentમાં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ Upload કરવાના રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

તમામ વિગતોની ચકાસણી કરી અને ડોક્યુમેન્ટ Upload થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને સંપૂર્ણ અરજીપત્રક ભરાઇ ગયા

Scanned with OKEN Scanner

બાદ "Verify Mobile Number" પર ક્લીક કરી પોતાના મોબાઇલ પર OTP મેળવી ઓનલાઇન અરજી "Confirm & Final Submit" કરવાની રહેશે જેથી વિદ્યાર્થીની અરજી સંબંધિત શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં ઓનલાઇન સબમીટ થઇ જશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી પોતાની શાળા/ કોલેજ/ સંસ્થાને જમા કરવાના રહેશે.

- નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.

(૭) શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પાસેથી આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ વેબસાઇટ https://www.digitalgujarat.gov.in પર લાગુ પડતી યોજનાઓમાં બિનચૂક Online અરજીઓ કરાવવાની રહેશે.

(૮) વર્ષ: ૨૦૨૨-૨૩થી ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત રાજ્ય સરકારશ્રી દ્વારા ૪૦% તથા કેંદ્ર સરકારશ્રી દ્વારા ૬૦% શિષ્યવૃત્તિનું ચુકવણું આધાર બેઝ્ડ સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે. એટલે કે વિદ્યાર્થીનો આધારનંબર જે બેંકખાતા સાથે લીંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિની ચુકવણી કરવામાં આવે છે. આથી આપની કક્ષાએથી તમામ વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓએ આધાર અને બેંક ખાતાનું લિંકીંગ/સીડીંગ કરાવેલ ના હોય તેઓએ તાત્કાલિક કરાવી લેવાનું રહેશે.

(૯) હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે લોગીન થયા બાદ, યોજનામાં એપ્લાય કરતી વખતે "Instruction" પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.

(૧૦) ગુજરાતના મૂળ વતની હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ગુજરાત રાજય બહાર Out Stateમાં માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ Digital Gujarat Portal પર Online જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતા અને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ લેટર સાથે મૂળ વતનના જિલ્લાની અનુસૂચિત જાતિની કચેરીએ જમા કરાવવાની રહેશે.

જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ યોજનાનું ફોર્મ ભરતી વખતે "Registration Detail → Current Address State" માં ગુજરાત રાજ્ય સિવાયનું રાજ્ય પંસદ કરશે તે વિદ્યાર્થી રાજ્ય બહાર અભ્યાસ કરે છે તેવુ ગણવામાં આવશે.

(૧૧) જે વિદ્યાર્થીઓએ ફ્રીશીપકાર્ડના આધારે એડમીશન મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ સંબધિત યોજના જેવી કે "(BCK-6.1) Post Matric Scholarship for SC Students (GOI) (Freeship Card Students Only)" or "Post Matric Scholarship for SC girls student only (Having annual family income more than 2.50 Lac)(State Government Scheme) (FreeShip Card Student Only) (BCK-5)" or "Post Matric Scholarship for SC Boys Students Only (Having annual Family Income between 2.50 to 6.00 Lac) (State Government Scheme) (Freeship Card Student Only) (BCK-5A)" યોજનામાં જ એપ્લાય કરવાનુ રહેશે. ભારત સરકારશ્રીની નવી ગાઇડલાઇન મુજબ શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨થી ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓની શિક્ષણ ફી પણ વિદ્યાર્થીઓના ખાતામાં જ જમા કરવામાં આવશે. (વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃત્તિ જમા કરવામાં આવે ત્યારબાદ વિદ્યાર્થીએ દિન-૭માં પોતાની કોલેજ/સંસ્થાને ચુકવવા પાત્ર ફી ફરજિયાત ચુકવી દેવાની રહેશે. જો વિદ્યાર્થી આવી ફી સમયમર્યાદામાં કોલેજ/સંસ્થામાં નહિ ભરે તો સંબંધિત કોલેજ/સંસ્થા વિદ્યાર્થી સામે નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે)

Scanned with OKEN Scanner

ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થી ઓનલાઇન એપ્લાય નહિ કરે અને વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ નહિ મળે તો તેની જવાબદારી જે તે વિદ્યાર્થી/સંસ્થાની રહેશે.

(૧૨) વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રીન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લેવામાં આવશે નહિ.

(૧૩) વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. (વિદ્યાર્થીઓએ વાર્ષિક તારીખ ભરવાની રહેશે. સેમેસ્ટર પધ્ધતિ મુજબ તારીખ ભરવી નહિ.)

(૧૪) વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષ વાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા)

(૧૫) ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ એકરારનામું અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે.

(૧૬) વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા-વધારા કરી શકશે નહિ. જેથી ઓનલાઇન અરજીમાં વિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો/વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો સંસ્થાએ આવી અરજી પરત કરી વિદ્યાર્થી પાસે જરૂરી સુધારા-વધારા કરાવવાના રહેશે તેમજ અરજી પરત કર્યા અંગે વિદ્યાર્થીને જરૂરી સૂચના આપવાની રહેશે. (પોર્ટલમાં વિદ્યાર્થીના લોગીનમાં "Withdraw" ની ફેસેલીટી પણ મુકવામાં આવેલ છે જેથી જો સંસ્થાએ વિદ્યાર્થીની અરજી પર કોઇ કાર્યવાહી ન કરેલ હોય તો વિદ્યાર્થી જાતે જ પોતાની અરજી પરત ખેચી શકશે અને પોતાની અરજીમાં સુધારા-વધારા કરી ફરી સેન્ડ કરી શકશે)

(૧૭) ગ્રામ્યકક્ષાએ વિદ્યાર્થી E-gram સેન્ટર પરથી પોતાનુ ફોર્મ ઓનલાઇન ભરાવી શકશે.

(૧૮) શિષ્યવૃત્તિની તમામ કામગીરી ઓનલાઇન થતી હોય કોઇપણ વિદ્યાર્થીને ઓફલાઇન શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે નહિ જેની તમામ વિદ્યાર્થી/આચાર્યશ્રીઓએ નોંધ લેવી.

(૧૯) વિદ્યાર્થીએ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરતી વખતે કોઇ જરૂર જણાય તો હેલ્પ ડેસ્ક નં:18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

B. <u>ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ (ધો:૧૧-૧૨) / કોલેજો / યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ. / સંસ્થાઓએ કરવાની કાર્યવાહી:-</u>

(૧) ગત વર્ષે શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાએ જે ID-Passwordની મદદથી શિષ્યવૃત્તિ/સહાય યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરેલ હતી તે જ ID-Passwordની મદદથી ચાલુ વર્ષ:૨૦૨૬-૨૭માં કામગીરી કરવાની રહેશે. જો કોઇ આચાર્યશ્રીને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો **"Forgot Password" Option**ની મદદથી પાસવર્ડ બદલી શકાશે. (જો કોઇ શાળા / સંસ્થા/ કોલેજમાં આચાર્યશ્રી બદલાયેલ હોય કે નિવૃત થયેલ હોય તો તેવી સંસ્થાના આચાર્યશ્રીઓનું નામ/મોબાઇલ નંબર જિલ્લાની SC/ST/OBC કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી બદલી શકે છે)

જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રથમ વખત કામગીરી કરતા હોય તો નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

કોલેજ/યુનિવર્સિટી કક્ષાની દરેક સંસ્થાઓ માટે તેઓનો **By Default Login ID** સંસ્થાનો **AISHE** કોડ રહેશે જ્યારે **By Default Password "Abcd@123"** રહેશે. જે સંસ્થાઓ પાસે **AISHE** કોડ ન હોય તેમણે શિક્ષણ વિભાગની સંબંધિત કચેરી **"KCG, Ahmedabad"** પાસેથી મેળવવાનો રહેશે. ધોરણ:૧૧-૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો **DISE** કોડ તેનો **Login ID** રહેશે જ્યારે **By Default Password: "Abcd@123"** રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ સંસ્થાએ **Default**

Scanned with OKEN Scanner

પાસવર્ડ Change કરવાનો રહેશે. જો કોઇ કોલેજ/યુનિવર્સિટી/શાળાને Default Password થી લોગીન ના થઇ શકતુ હોય તો "Forgot Password" ઓપ્શનથી પાસવર્ડ Change કરી પછી લોગીન કરવાનું રહેશે.

જે કોલેજ/ યુનિવર્સિટી/સંસ્થા પ્રથમ વખત લોગીન કરતી હોય તેવી તમામ કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાએ પોતાના લોગીન માંથી Admin મેનુંમાં જઇ "Institute Profile" ફરજીયાત અપડેટ કરવાની રહેશે અને કોલેજ/ યુનિવર્સિટી/સંસ્થામાં જે કોર્ષ ચાલતા હોય તેની વિગતો પોતાના લોગીન માંથી Admin મેનુંમાં જઇ "Institute & Branch Mapping" પર ક્લીક કરી Add કરવાના રહેશે ત્યારબાદ, આવા કોર્ષ Backend માથી Add કરવામાં આવશે. કોલેજ/યુનિવર્સીટી/સંસ્થા દ્વારા પોતાની પ્રોફાઇલ અપડેટ કરવામાં આવશે તેમજ કોર્ષની વિગતો એડ કરવામાં આવશે ત્યાર બાદ જ વિદ્યાર્થીઓને Online અરજી કરતી વખતે પોર્ટલ પર જે તે કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ જોવા મળશે અને અરજીપત્રકો Online ભરી શકાશે જેની નોંધ લેવી. (શાળાઓએ પોતાની પ્રોફાઇલ અપડેટ કરવાની કાર્યવાહી કરવાની રહેતી નથી)

વધુમાં સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ ITI એ પોતાનો ID Password પોતાની રીઝીઓનલ ઓફીસ (RDD) પાસેથી મેળવી લેવાનો રહેશે જ્યારે પ્રાઇવેટ ITIની કામગીરી જે તે નોડલ ITI મારફત કરવાની રહેશે.

(૨) તમામ કામગીરીને સફળ બનાવવા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓએ જે તે કેટેગરી-જાતિના વિદ્યાર્થીઓ સરકારશ્રીની યોજનામાં મહત્તમ લાભ લઇ શકે તે માટે સંસ્થાના નોટીસ બોર્ડ પર અત્રેના ખાતાની તમામ યોજનાની વિગતો મુકી આ બાબતની પ્રસિધ્ધિ કરવાની રહેશે અને યોજનાની વિગતો વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવાની રહેશે. (આ સાથેનુ પત્રક-અ નોટીસ બોર્ડ પર ફરજીયાત મુકવાનુ રહેશે)

વધુમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓમાં ઇન્ટરનેટની સુવિધા કરાવી ITના જાણકાર કર્મચારીની મદદથી વિદ્યાર્થીઓને Online અરજી કરાવવાની કામગીરી સંસ્થા લેવલે કરાવી આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ કામગીરી પૂર્ણ કરાવવાની રહેશે. Online અરજી પ્રકિયા પૂર્ણ થયે તેની પ્રિન્ટ તથા સાધનિક કાગળો સાથેની અરજી જે તે શાળા/કોલેજ/ યુનિવર્સિટીના શિષ્યવૃત્તિની કામગીરી સંભાળતી શાખાએ એકત્રિત કરી રાખવાની રહેશે. તેના આધારે Online વેરીફીકેશનની કામગીરી સમય મર્યાદામાં કરવાની રહેશે.

(3) વિદ્યાર્થીઓની અરજી કરવાની કામગીરી બાદ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓએ પોતાના User ID/Passwordના આધારે ઉક્ત તમામ વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીના Verificationની કામગીરી કરી Higher Authority એટલે કે સંબંધિત જિલ્લા કચેરીને Online Forward કરવાની રહેશે અને વિદ્યાર્થી દ્વારા મળેલ તમામ અરજીઓ (હાર્ડકોપી) પર સહી સિક્કા કરી સાધનિક કાગળો સહિતની દરખાસ્ત આ સાથેના "માસવાર આયોજન" પત્રક મુજબ સબંધિત જિલ્લા કચેરીમાં ફોરવર્ડીંગ સાથે રજુ કરવાની રહેશે.

જો કોઇ શાળા/કોલેજ/સંસ્થાની કામગીરી નિર્ધારીત તારીખો પહેલા પુરી થઇ જાય તો આખર તારીખની રાહ ન જોતા તુર્ત જ દરખાસ્ત સંબધિત કચેરીને જમા કરાવવાની રહેશે. (નોંધ: સરકારી / ગ્રાન્ટ-ઇન-એઇડ શાળા/કોલેજ/સંસ્થાઓએ વિદ્યાર્થીઓના ફોર્મ શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએ જ રાખવાના રહેશે અને જિલ્લા કચેરી દ્વારા આ અરજી ફોર્મની માંગણી કરવામાં આવે ત્યારે રજુ કરવાના રહેશે.)

<u>અન્ય અગત્યની સૂચનાઓ:-</u>

(૧) <u>વિદ્યાર્થીઓના Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ:</u>

Scanned with OKEN Scanner

કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (BCK6.1 - With FreshipCard and Without FreeshipCard) અંતર્ગત વર્ષ: ૨૦૨૫-૨૬થી તમામ વિદ્યાર્થીઓના Aadhaar Based Biometric eKYC ફરજિયાત કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

ઉક્ત બાબતે નક્કી થયા મુજબ રાજયમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટાબેઝમાં તમામ લાભાર્થીઓનું Aadhaar Based Biometric eKYC કરવામાં આવી જ રહેલ છે. જેથી રાજ્યના અન્ય વિભાગોએ જ્યાં જ્યાં Aadhaar Based Biometric eKYC કરવાની જરૂર પડે ત્યારે સંબધિત વિભાગોએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝ સાથે ઓનલાઇન Integration કરી API Service મારફત સંબંધિત વિદ્યાર્થીઓની આધારની eKYCની વિગતો મેળવી લેવાની રહે છે અલગથી Aadhaar Based Biometric eKYC કરવાનું રહેતુ નથી.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું Integration already કરવામાં આવેલ છે. જેથી ઉક્ત યોજના અંતર્ગત જ્યારે વિદ્યાર્થીઓ ઓનલાઇન ફોર્મ ભરતા હશે ત્યારે વિદ્યાર્થીઓએ જાતે જ Aadhaar Based Biometric eKYCનો ડેટા ઓનલાઇન પોતાનો રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. એન્ટર કરીને મેળવી શકશે. કેન્દ્ર સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત જો વિદ્યાર્થીઓનું Aadhaar Based Biometric eKYC "Yes" હશે તો જ વિદ્યાર્થી ઓનલાઇન અરજી કરી શકશે અને પોતાની અરજી સબમીટ કરી શકશે.

વિદ્યાર્થીનું Aadhaar Based Biometric eKYC ત્યારે જ "Yes" આવશે જ્યારે વિદ્યાર્થીઓએ અન્ન નાગરિક પુરવઠા વિભાગના રેશનકાર્ડના ડેટાબેઝમાં પોતાનું Aadhaar Based Biometric eKYC કરાવેલ હશે. વિદ્યાર્થી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝમાં પોતાનું Aadhaar Based Biometric eKYC નીચે મુજબના જુદા જુદા ઓપ્શનથી કરી શકશે.

1. "My Ration" Mobile Application દ્વારા વિદ્યાર્થી જાતે જ કરી શકશે. (Mobile App Link: https://play.google.com/store/apps/details?id=gujarat.banaskantha.myration&pcampaignid=web_share)
2. મામલતદાર કચેરીની પુરવઠા શાખા અથવા મહાનગરપાલિકા વિસ્તારમાં ઝોનલ ઓફીસની મુલાકાત લઇ કરી શકાશે.
3. ગ્રામ પંચાયત કચેરીમાં VCE મારફત કરી શકાશે.
4. શાળાના આચાર્યશ્રીઓ પણ કરી શકશે.

જે વિદ્યાર્થીઓએ Aadhaar Based Biometric eKYC કરાવવાનું થાય તેઓ પાસે રેશનકાર્ડ હોવું તથા રેશનકાર્ડ માં નામ હોવુ તથા રેશનકાર્ડમાં આધારનંબર સીડ કરેલો હોવો ફરજિયાત છે.

(૨) **Family ID Project બાબત:-**

ફેમીલી આઇ.ડી. પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં (BCK-5) આધારનંબર, રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. લેવાની સૂચનાઓ મળેલ છે જેથી તમામ વિદ્યાર્થીઓના આધારનંબર, રેશનકાર્ડ નંબર, રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી., નો ડેટા પણ ઓનલાઇન લેવાનો થશે. જે માટે વિદ્યાર્થીઓ ઓનલાઇન ફોર્મ ભરતા હશે ત્યારે પોતાનો રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. એન્ટર કરીને આવો ડેટા મેળવી શકશે. વિદ્યાર્થીનો મેમ્બર આઇ.ડી. નંબર Enter કરી Get Details બટન પર ક્લીક કરવાથી વિદ્યાર્થીની રેશનકાર્ડના ડેટાબેઝમાં ઉપલબ્ધ માહિતી API મારફત આવી જશે. વિદ્યાર્થીએ ફરજિયાત સુનિશ્ચીત કરવાનું છે કે માત્ર પોતાનો જ ડેટા "Get Details" કરીને મેળવવામાં આવે અને આચાર્યશ્રીઓએ પણ ફરજિયાત સુનિશ્ચીત કરવાનું છે કે જે વિદ્યાર્થીઓએ Ration Crardનો ડેટા Fetch કરેલ છે તે સંબધિત વિદ્યાર્થીઓનો જ છે. આ સર્વિસ મારફત અન્ય કોઇ વિદ્યાર્થીઓનો ડેટા મેળવી કોઇ પણ વિદ્યાર્થીઓની અરજીઓ મંજુરી અર્થે રજુ ના થાય તેની તકેદારી શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીઓએ રાખવાની રહેશે.

Scanned with OKEN Scanner

(3) **HoI(Head of Institute) / INO(Insitute Nodal Officer)ના Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ:**

કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના(BCK-6.1) અંતર્ગત તમામ HoI/INOના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

ઉક્ત બાબતે નક્કી થયા મુજબ રાજયમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટાબેઝમાં તમામ વ્યક્તિઓનુ Aadhaar Based Biometric eKYC કરવામાં આવી જ રહેલ છે. જેથી રાજ્યના અન્ય વિભાગોએ જ્યાં-જ્યાં Aadhaar Based Biometric eKYC કરવાની જરૂર પડે ત્યારે સંબંધિત વિભાગોએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝ સાથે ઓનલાઇન Integration કરી API Service મારફતં સંબંધિત વ્યક્તિઓના આધારની eKYCની વિગતો મેળવી લેવાની રહે છે.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું **Development already** કરવામાં આવેલ છે. **જે આચાર્યશ્રીઓએ આજ દિન સુધી HoI eKYC કરવાનું બાકી હોય તેઓએ પોતાના લોગીનમાં જઇને HoIનું આ બાબતનું ફોર્મ ફરજિયાત ઓનલાઇન ભરીને જિલ્લા કચેરીઓને સબમીટ કરવાનું રહેશે. (શાળાઓ પોતાના લોગીનમાં "Student Register → Institute/School HoI Details" ઓપ્શનમાં જઇ તથા કોલેજ/સંસ્થા/યુનિવર્સિટી પોતાના લોગીનમાં "Admin → Institute/School HoI Details" ઓપ્શનમાં જઇ HoIની વિગતો અંગેનું ફોર્મ ઓનલાઇન ભરી શકશે.)**

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ **HoI/INOના Aadhaar Based Biometric eKYC** કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હોય તમામ આચાર્યશ્રીઓએ પોતાના લોગીનમાં જઇને ઉક્ત ફોર્મ ફરજિયાત ભરવાનું રહેશે. જે શાળા/કોલેજ/સસ્થાના **HoIનું eKYC** થયેલ હોય તેવા જ શાળા/કોલેજ/સંસ્થાના વિદ્યાર્થીની માહિતી કેન્દ્ર સરકારશ્રીના **NSP** પોર્ટલને કેંદ્ર ફાળાની શિષ્યવૃત્તિ ચુકવણા માટે મોકલી શકાતી હોય જે શાળા/કોલેજ/સંસ્થાના **HoIનું Aadhaar-based BioMetric eKYC** ન થયેલ હોય તેવા તમામ આચાર્યશ્રીઓને ડિજિટલ ગુજરાત પોર્ટલના પોતાના લોગીનમાંથી **HoIનું Aadhaar-based BioMetric eKYC** કરવા બાબતનું ફોર્મ ફરજિયાત ભરવા જણાવવામાં આવે છે.

(૪) **OTR (One Time Registration) બાબત**

કેન્દ્ર સરકારશ્રીએ કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (**BCK-6.1**) અંતર્ગત **OTRનો** અમલ કરવા જણાવેલ છે. ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું **Integration already** કરવામાં આવેલ છે. આ **OTR** નંબર વિદ્યાર્થીઓએ **National Scholarship Portal(NSP)** પર જઇને જનરેટ કરવાનો રહેશે અને **Digital Gujarat Portal** પર ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીએ આ **OTR** નંબર એન્ટર કરવાનો રહેશે.

(૫) આચાર્યશ્રીઓના લોગીનમાં વિદ્યાર્થીઓના ફોર્મ ઓનલાઇન મંજુર કરતી વખતે વિદ્યાર્થીઓની ગત વર્ષની હાજરીની વિગતો પણ ભરવાનું પ્રોવિઝન કરવામાં આવેલ છે. જેથી તમામ વિદ્યાર્થીઓની ગત વર્ષની હાજરી પણ આચાર્યશ્રીઓએ ફરજીયાત ઓનલાઇન ભરવાની રહેશે. ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીની **Aadhaar Based attendance** ૭૫% હોવી જોઇએ જેથી વિદ્યાર્થીની અભ્યાસક્રમ દરમ્યાન હાજરી ૭૫% રહે તે તકેદારી શાળા/કોલેજ/સંસ્થાના આચાર્ય/વડાએ ખાસ રાખવાની રહેશે.

(૬) ખાનગી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./ સંસ્થાઓ જે અરજીઓ ઓનલાઇન મંજુર કરે તેની નકલ તથા સાધનિક પુરાવા સહિતની દરખાસ્ત અત્રેની કચેરીએ ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે. યોજનાવાર દરખાસ્તોની ફાઇલો અલગ અલગ રજુ કરવા વિનંતી છે જેવી કે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની ફાઇલ અલગ, ભોજન બીલની ફાઇલ અલગ વિગેરે.

Scanned with OKEN Scanner

(૭) શિષ્યવૃત્તિ દરખાસ્તની ફાઇલ ચકાસણી અર્થે રજુ કરવામાં આવે ત્યારે તેની ઉપર શાળા/કોલેજના ફોન નંબર તથા શિષ્યવૃત્તિ યોજનાનુ કામ સંભાળતા કર્મચારીશ્રીનો કોન્ટેક્ટ નંબર દર્શાવવાનો રહેશે.

(૮) જરૂર જણાય સંસ્થાએ અનુસૂચિત જાતિના તમામ વિદ્યાર્થીઓને શાળા/કોલેજમાં એકસાથે બેઠક યોજી / વિડિયો કોન્ફરન્સ યોજી ફોર્મ કેવી રીતે ભરવા તે સંબંધિત તમામ માર્ગદર્શન આપવુ.

(૯) શાળા/કોલેજને સરકારશ્રી દ્વારા મળેલ માન્યતાપત્ર (એફીલીએશન) ની નકલ, કેટલા વિદ્યાર્થી માટેની માન્યતા મળેલ છે તેના આધાર તેમજ ફી રેગ્યુલેટરી કમિટીએ સંસ્થાનુ જે ફી નુ માળખુ મંજુર કરેલ હોય તેના આધાર તેમજ શાળા/સંસ્થાનુ ગત વર્ષનું પરિણામ વિગેરે પુરાવા દરખાસ્ત સાથે પ્રથમ પાને રાખવાના રહેશે અને દરખાસ્ત ચકાસણી અર્થે જિલ્લા કચેરીમાં આવો ત્યારે રજુ કરવાના રહેશે.

જો શાળા/સંસ્થા પાસે ફી રેગ્યુલેટરી કમિટીએ મંજુર કરેલ ફી અંગેનુ માળખું નહિ હોય તો તેવા સંજોગોમાં સરકારશ્રીના નિયમો મુજબ વિદ્યાર્થીઓને શિક્ષણફી ચુકવી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી છે.

વધુમાં જો કોઇ સંસ્થા દ્વારા ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા નક્કી થયેલ ફી કરતા ઓછી ફી વિદ્યાર્થી પાસેથી લેવામાં આવતી હોય તો ઓનલાઇન ફોર્મમાં વિદ્યાર્થી પાસેથી ખરેખર જે ફી લેવામાં આવે છે તે જ ફી ભરવાની રહેશે અને જે ફી ભરવામાં આવે તે વાર્ષિક ભરવાની રહેશે. (ફી છ માસની કે સેમેસ્ટરની ભરવાની રહેશે નહિ)

ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ગાઇડલાઇન મુજબ AISHE કોડ/ UDISE કોડ ધરાવતી શાળા/કોલેજ/સંસ્થાના વિદ્યાર્થીઓ જ શિષ્યવૃત્તિ યોજના માટે પાત્ર રહેશે.

(૧૦) "ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના"ની રીવાઇઝ્ડ ગાઇડલાઇન મુજબ કેંદ્ર સરકારશ્રી દ્વારા જણાવવામાં આવેલ છે કે વર્ષ:૨૦૨૧-૨૨થી શિષ્યવૃત્તિની તમામ રકમ વિદ્યાર્થીઓના જ બેંક ખાતામાં જમા કરવાની રહેશે જેથી વર્ષ:૨૦૨૧-૨૨થી ફ્રીશીપકાર્ડ યોજના અંતર્ગત સંબંધિત કોલેજ/સંસ્થાએ ફ્રીશીપકાર્ડના આધારે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પાસેથી ફી લીધા વિના જે તે અભ્યાસક્રમમાં એડમીશન આપવાનું રહેશે અને જ્યારે સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના ખાતા શિષ્યવૃત્તિ જમા કરવામાં આવે ત્યારે વિદ્યાર્થી કોલેજમાં નિયમોનુસાર ભરવાપાત્ર ફી ૭ કામકાજના દિવસમાં પોતાની કોલેજ/સંસ્થાને ફરજીયાત ચુકવશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે.

(૧૧) "ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના"ની રીવાઇઝ્ડ ગાઇડલાઇન મુજબ શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨થી વિદ્યાર્થીઓને પ્રથમ રાજ્ય સરકારશ્રી દ્વારા કુલ શિષ્યવૃત્તિના ૪૦% રકમ ચુકવવામાં આવશે અને બાકીની ૬૦% શિષ્યવૃત્તિ કેંદ્ર સરકારશ્રી દ્વારા ડાયરેક્ટ વિદ્યાર્થીના ખાતામાં ચુકવવામાં આવશે જેની જાણ કોલેજ/સંસ્થાએ તમામ વિદ્યાર્થીઓને કરવાની રહેશે. (આધાર બેઝ)

(૧૨) વિદ્યાર્થી જાતિ/આવકના દાખલા સક્ષમ અધિકારીશ્રીના રજુ કરે તે ધ્યાન રાખવાનુ રહેશે.

(૧૩) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં તથા સરકારી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની ઓનલાઇન અરજી સાથે છાત્રાલયના સક્ષમ સત્તાધિકારીશ્રીના સહિ/ સિક્કાવાળુ પ્રમાણપત્ર અપલોડ કરવાનુ રહેશે. ( જે પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાશે)

(૧૪) જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનુ ઇન્કમટેક્ષ માટેનુ ફોર્મ-૧૬ અપલોડ કરવાનુ રહેશે તથા દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

(૧૫) તમામ સંસ્થાઓએ વેબસાઇટ ઉપર, અખબારી યાદીમાં, ઇમેઇલથી કે SMSથી વિદ્યાર્થીઓને સૂચના આપી સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

(૧૬) સંસ્થાએ દરેક વિદ્યાર્થીને સત્ર શરૂ થવાની તેમજ પૂરૂ થવાની અંદાજિત તારીખ આપવાની રહેશે.

Scanned with OKEN Scanner

(૧૭) જો કોઇ વિદ્યાર્થીને બેંક એકાઉન્ટ ખોલાવાવમાં મુશ્કેલી પડે તો તે અંતર્ગત સંસ્થાએ જરૂરી મદદ કરી વિદ્યાર્થીઓના ખાતા ખોલાવી આધારનંબર સાથે લીંક/સીડ કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૮) શાળા/ કોલેજો/ યુનિવર્સિટી/ સંસ્થાઓએ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ફોર્મ ઓનલાઇન ભરાવવામાં શાળા/ કોલેજો/ યુનિવર્સિટી/ સંસ્થા કક્ષાએ જરૂરી તમામ મદદ કરવાની રહેશે.

(૧૯) જો કોઇ વિદ્યાર્થીની શિષ્યવૃત્તિની રકમ કોઇ કારણોસર પરત કરવાની થાય તો નીચેના બજેટ હેડે ચલણથી જમા કરાવવાની રહેશે.
૦૨૫૦- અન્ય સામાજિક સેવાઓ
૧૦૨- અનુ.જાતિ, અનુ. જન જાતિ તથા અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ.
૮૦૦ અન્ય પ્રાપ્તિ, SCW- (જે યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવેલ હોય તેનુ નામ લખવુ)

(૨૦) શાળા/સંસ્થા દ્વારા જો કોઇ ડમી/ભુતિયા વિદ્યાર્થીઓની દરખાસ્ત રજુ કરવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળા/સંસ્થાની નક્કી કરી સંબધિતો દ્વારા શાળા/સંસ્થા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

(૨૧) જો કોઇ વિદ્યાર્થીઓને કોઇ કારણસર બ્લેકલીસ્ટ કરવામાં આવેલ હોય તો તેવા વિદ્યાર્થીઓની અરજી આચાર્યશ્રીઓએ જિલ્લા કચેરીઓને મોકલવાની રહેશે નહિ.

(૨૨) જો કોઇ વિદ્યાર્થીએ અભ્યાસક્રમના એક સંબધિત વર્ષમાં શિષ્યવૃત્તિ મેળવી લીધેલ હોય અને વિદ્યાર્થી તે વર્ષમાં નાપાસ થાય તો તે વિદ્યાર્થીને તે જ સંબધિત વર્ષ માટે ફરી શિષ્યવૃત્તિ મળવાપાત્ર નથી જેથી આચાર્યશ્રીઓએ આ બાબતે ખાસ તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(૨૩) ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીની હાજરી ૭૫% હોવી જોઇએ જેથી વિદ્યાર્થીની અભ્યાસક્રમ દરમ્યાન હાજરી ૭૫% રહે તે તકેદારી શાળા/કોલેજ/સંસ્થાના આચાર્ય/વડાએ ખાસ રાખવાની રહેશે.

(૨૪) આચાર્યશ્રીઓએ સત્ર શરૂ થયા અને પુર્ણ થયાની તારીખ ઓનલાઇન જે-તે આધાર પુરાવામાંથી ચકાસીને જ મોકલવાની રહેશે, એફ.આર.સી. મુજબની ટયુશન ફી અથવા એફ.આર.સી.થી ઓછી ટયુશન ફી લેવામાં આવે તે વિદ્યાર્થી પાસેથી જેટલી ટયુશન ફી વસુલ કરવામાં આવે તે જ ઓનલાઇન ભરવાની રહેશે. એફ.આર.સી. મુજબની અથવા એફ.આર.સી.થી ઓછી ફી લેવામાં આવે તે વિદ્યાર્થી પાસેથી જેટલી ફી વસુલ કરવામાં આવે તે જ રકમની ફીની પહોંચ તમામ વિદ્યાર્થીઓની જોડવાની રહેશે તથા ફી-શીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓની દરખાસ્તમાં ફી વસુલાત અંગેનું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૨૫) ભારત સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની અદ્યતન ગાઇડલાઇન મુજબ જ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મળવાપાત્ર થશે.

(૨૬) વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન ફોર્મ જે-તે કોલેજમાં ઓનલાઇન સેન્ડ કર્યા બાદ વિદ્યાર્થી પાસેથી તાત્કાલીક ફોર્મ તેમજ સાધનિક કાગળો મેળવી હાર્ડકોપી અત્રેની કચેરીમાં દિન-૦૫ માં મોકલવાની રહેશે. તેમજ હાર્ડકોપી કચેરીમાં જમા કરાવ્યા બાદ ઓનલાઇન ફોર્મ મોકલવાના રહેશે.

ઉપરોક્ત તમામ બાબતો ધ્યાને લઇ અનુ.જાતિના તમામ વિદ્યાર્થીના ફોર્મ ઓનલાઇન ભરાવી, એકત્ર કરી, એકી સાથે દરખાસ્ત જિલ્લા કચેરીમાં ચકાસણી અર્થે રજુ કરવાની રહેશે. પુરવણી દરખાસ્તો ઉપર ધ્યાન

Scanned with OKEN Scanner

આપવામાં આવશે નહિ. સમય મર્યાદામાં ન આવેલ તથા અધુરી વિગતોવાળી કે પુરવણી દરખાસ્તો અંગે સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

નોંધ:- ૧. ઉક્ત તમામ વિગતો/માહિતી માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવામાં આવશે. સબંધિત યોજનાના તમામ ઠરાવો અત્રેની કચેરીની વેબસાઇટ તેમજ અત્રેની કચેરીએથી મળી શકશે. વધુમાં આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે શિષ્યવૃત્તિની કામગીરી માટે તેઓના કર્મચારીશ્રી ફાઇલ લઇને જિલ્લા કચેરીએ આવે ત્યારે જ્યા સુધી શિષ્યવૃત્તિની કામગીરી પુરી ન થાય ત્યા સુધી જિલ્લા કચેરીને પોતાનો સમય ફાળવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

(સી.પી.પવાર)
નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જૂનાગઢ

બિડાણ: ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-

(૧) નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

(૨) કુલ સચિવશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનીવર્સિટી, જિ.જૂનાગઢ
/- આપના કાર્યક્ષેત્રમાં આવતી તમામ કોલેજોને ઉક્ત પરિપત્ર આપની કક્ષાએથી મોકલી આપવા વિનંતી.

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢ જિ.જૂનાગઢ
/- આપના કાર્યક્ષેત્રમાં આવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત પરિપત્ર આપની કક્ષાએથી મોકલી આપવા વિનંતી.

(૪) રજીસ્ટ્રારશ્રી, ડો.સુભાષ યુનિવર્સિટી, જૂનાગઢ

(૫) રજીસ્ટ્રારશ્રી, નોબલ યુનિવર્સિટી, જૂનાગઢ

Scanned with OKEN Scanner

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર**

**નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર**

**ભારત સરકાર/ રાજય સરકારની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓનો અમલ Online કરવા બાબત.**

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર હસ્તકની નીચે મુજબની યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (**https://www.digitalgujarat.gov.in**) કરવાનો થાય છે. મુળ ગુજરાત રાજ્યના ધો:૧૧-૧૨, ડિપ્લોમાં, આઇ.ટી.આઇ., સ્નાતક, અનુસ્નાતક, એમફીલ, પી.એચ.ડી સુધીના સરકાર માન્ય અભ્યાસક્રમોમાં, સરકાર માન્ય ઉ.મા.શાળાઓ/સંસ્થાઓ/યુનિવર્સિટીઓ/કોલેજો/**I.T.I.**/સંસ્થાઓમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કે જેણે રાજ્ય સરકારશ્રીની કે કેંન્દ્ર સરકારશ્રીની અન્ય કોઇ શિષ્યવૃત્તિની યોજનામાં લાભ ન લેવાનો હોય તેવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પાસેથી અગાઉના વર્ષની જેમ ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૬-૨૭માં શિષ્યવૃત્તિ/સહાય માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

1. **Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1)**
1A. **Post Matric Scholarship for SC Students (GOI) (Freeship Card Students Only) (BCK-6.1)**
2. **Food Bill Assistance to SC Students (BCK-10)**
3. **Fellowship Scheme for M.Phil, Ph.D. for SC Students (BCK-11)**
4. **Instrumental Help to SC Students (Medical, Engineering, Diploma Students Only) (BCK-12)**
5. **Scholarship/Stipend to SC Students for ITI/Professional Courses (BCK-13)**
6. **Post Matric Scholarship for SC Girls Students Only (Having annual Family Income More than 2.50 lakh) (State Government Scheme)(BCK-5)**
6A. **Post Matric Scholarship for SC girls student only (Having annual family income more than 2.50 Lac)(State Government Scheme) (FreeShip Card Student Only) (BCK-5)**
7 **Post Matric Scholarship for SC Boys Students Only (Having annual Family Income between 2.50 to 6.00 Lac) (State Government Scheme) (BCK-5A)**
7A. **Post Matric Scholarship for SC Boys Students Only (Having annual Family Income between 2.50 to 6.00 Lac) (State Government Scheme) (Freeship Card Student Only) (BCK-5A)**
8. **Private Tuition Coaching Assistance to SC Students (Science Stream) (Std:11-12) (BCK-7)**

**ઉક્ત યોજનાઓ અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે શાળા/કોલેજ/યુનિવર્સીટી/ITI/સંસ્થા કક્ષાના અનુસૂચિત જાતિના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને તા:૦૬/૦૭/૨૦૨૬ થી તા:૩૦/૦૯/૨૦૨૬ સુધીમાં શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટે વેબસાઇટ https://www.digitalgujarat.gov.in પર Online અરજીઓ કરવા જણાવવામાં આવે છે.** વિદ્યાર્થીએ વધુ માહિતી માટે "ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ માટે ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ અને યોજનાઓની વિગત" વાંચવાની રહેશે જે ડિજિટલ ગુજરાત પોર્ટલ પરના **Latest Update** સેક્શન માંથી ડાઉનલોડ કરી શકાશે. શાળા/સંસ્થાઓને નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહેશે.

❖ ઉચ્ચત્તર માધ્યમિક શાળા (ધો: ૧૧/૧૨) / તમામ કોલેજો/ યુનિવર્સિટીઓ / આઇ.ટી.આઇ./સંસ્થાઓએ કરવાની કાર્યવાહી:-

➔ અગાઉના વર્ષે શાળા/કોલેજ/યુનિવર્સિટી/ITI/સંસ્થાએ જે **ID-Password**ની મદદથી શિષ્યવૃત્તિ/સહાય યોજનાની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરેલ હતી તે જ **ID-Password**ની મદદથી ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭માં કામગીરી કરવાની રહેશે. જો કોઇ આચાર્યશ્રીને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો **"Forgot Password"** ઓપ્શનની મદદથી પાસવર્ડ બદલી શકાશે. (જો કોઇ આચાર્યશ્રીનો મોબાઇલ નંબર કે નામ બદલાવવાની જરૂરીયાત ઉભી થાય તો જિલ્લાની **SC/ST/OBC** કચેરીનો સંપર્ક કરી બદલાવી શકાશે.)

➔ જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર પ્રથમ વખત કામગીરી કરતા હોય તો નીચે મુજબની કામગીરી કરવાની રહેશે:
કોલેજ/યુનિવર્સિટી કક્ષાની દરેક સંસ્થાઓ માટે તેઓનો **By Default Login ID** સંસ્થાનો **AISHE** કોડ રહેશે જ્યારે **By Default Password** જિલ્લા કક્ષાએથી મળેલ પરિપત્રમાં જણાવ્યા મુજબનો રહેશે. જે સંસ્થાઓ પાસે **AISHE** કોડ ન હોય તેમણે શિક્ષણ વિભાગની સંબધિત કચેરી **KCG**,અમદાવાદ પાસેથી મેળવવાનો રહેશે. ધોરણ:૧૧-૧૨માં દરેક ઉચ્ચત્તર માધ્યમિક શાળાનો **DISE** કોડ તેનો **Login ID** રહેશે જ્યારે **By Default Password** જિલ્લા કક્ષાએથી મળેલ પરિપત્રમાં જણાવ્યા મુજબનો રહેશે. પ્રથમ વખત લોગીન થયા બાદ સંસ્થાએ **Default** પાસવર્ડ **Change** કરવાનો રહેશે તેમજ પ્રથમ વખત લોગીન કરતી હોય તેવી તમામ કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાએ પોતાના લોગીન માંથી **"Admin"** મેનુંમાં જઇ **"Institute Profile"** ફરજિયાત અપડેટ કરવાની રહેશે અને કોલેજ/ યુનિવર્સિટી/સંસ્થામાં જે કોર્ષ ચાલતા હોય તેની વિગતો પોતાના લોગીન માંથી **"Admin"** મેનુંમાં જઇ **"Institute and Branch Mapping"** પર કલીક કરી એડ કરવાના રહેશે. કોલેજ/યુનિવર્સીટી/સંસ્થા દ્વારા પોતાની પ્રોફાઇલ અપડેટ કરવામાં આવશે તેમજ કોર્ષની વિગતો એડ કરવામાં આવશે ત્યારબાદ જ વિદ્યાર્થીઓને **Online** અરજી કરતી વખતે પોર્ટલ પર જે તે કોલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ જોવા મળશે અને અરજીપત્રકો **Online** ભરી શકાશે જેની નોંધ લેવી. દરેક વર્ષે સંસ્થા/કોલેજએ પોતાની પ્રોફાઇલ પણ અપડેટ કરવી ફરજીયાત છે.

➔ **GIA** /સરકારી **ITI**એ પોતાનો **ID Password** પોતાની રીજીઓનલ ઓફીસ (**RDD**) પાસેથી લેવાનો રહેશે. જ્યારે પ્રાઇવેટ **ITI** ની કામગીરી જે તે નોડલ **ITI** મારફત કરવાની રહેશે.

➔ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ/ સંસ્થાઓએ ઉક્ત યોજનાઓ પૈકી લાગુ પડતી કેટેગરી – જાતિ મુજબના વિદ્યાર્થીઓને મહત્તમ લાભ થઇ શકે તે માટે સંસ્થાના નોટીસ બોર્ડ પર યોજનાની માહિતી પ્રસિદ્ધ કરી વિદ્યાર્થીઓના ધ્યાન પર લાવવા વિનંતી કરવામાં આવે છે.

➔ વિદ્યાર્થીઓની અરજી કરવાની કામગીરી બાદ તમામ ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ./સંસ્થાઓએ પોતાના **User ID/Password**ના આધારે ઉક્ત તમામ વિદ્યાર્થીઓની ઓનલાઇન અરજીના **Verification**ની કામગીરી કરી **Higher Authority** એટલે કે સંબધિત જિલ્લા કચેરીને **Online Forward** કરવાની રહેશે અને તમામ હાર્ડકોપી સહિતની દરખાસ્તો જિલ્લા કચેરીએ સમય મર્યાદામાં જમા કરાવવાની રહેશે.

➔ વધુ માહિતી માટે આચાર્યશ્રીઓએ જિલ્લા કચેરીનો સંપર્ક કરવાનો રહેશે તેમજ જિલ્લાકક્ષાએથી મળેલ પરીપત્રમાં આપેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ઓનલાઇન અરજી કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ તથા યોજનાની વિગતો

# (વર્ષ ૨૦૨૬-૨૭)

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ

ગુજરાત રાજય

ગાંધીનગર

# અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અરજી પત્રકો Online ભરવા અંગેની સુચનાઓ

## (https://www.digitalgujarat.gov.in)

➔ પ્રથમ વિદ્યાર્થીઓએ ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી **"Login/Register"** ઓપ્શનમાં જઇ **"Citizen Login"** પર ક્લીક કરી **"New Registration(Citizen)"** પર ક્લીક કરી નવું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. નવુ રજીસ્ટ્રેશન Email ID, મોબાઇલ નંબર તેમજ પોતે નક્કી કરેલ પાસવર્ડ દ્વારા કરવાનું રહેશે. જે કાયમી આ પોર્ટલ માટે સાચવી રાખવાના રહેશે. રજીસ્ટ્રેશન વખતે **E-mail ID** અને મોબાઇલ નંબર આવશ્યક છે. (સદરહું મોબાઇલ નંબર જ્યા સુધી સંપૂર્ણ અભ્યાસક્રમની શિષ્યવૃત્તિ/ સહાય મળી ન જાય ત્યા સુધી ચાલુ રાખવા વિનંતી છે) રજીસ્ટ્રેશન થયા બાદ વિદ્યાર્થીએ પોતાનો મોબાઇલ નંબર પોતાના યુઝરનેમ તરીકે તથા જે પાસવર્ડ બનાવેલ હોય તેનો ઉપયોગ કરી પુનઃ **Login** કરવાનું રહેશે.

➔ જે વિદ્યાર્થીએ અગાઉ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવેલ હોય (જેમ કે અગાઉના વર્ષોમાં સદરહું પોર્ટલ મારફત શિષ્યવૃત્તિ/સહાય યોજના માટે ઓનલાઇન એપ્લાય કરેલ હોય કે પોર્ટલની અન્ય યોજનાઓમાં લાભ લેવા અરજી કરેલ હોય) તેઓએ ફરીથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહી. તેઓ અગાઉના **Login ID-Password** વડે લોગીન કરી જે તે લાગુ પડતી યોજનામાં સીધી અરજી કરી શકશે.

➔ જે વિદ્યાર્થીઓ ગત વર્ષનો પોતાનો **Password** ભુલી ગયેલ હોય તે વિદ્યાર્થીઓએ **"Forgot Password"** પર ક્લીક કરી પોતાના રજીસ્ટર્ડ મોબાઇલ પર **OTP** મેળવી નવો પાસવર્ડ બનાવી લેવાનો રહેશે. નવો પાસવર્ડ મળ્યા બાદ પોતાનો મોબાઇલ નંબર **User ID** રહેશે અને પાસવર્ડ જે નવો બનાવેલ છે તે રહેશે. **"Forgot Password"** ઓપ્શન ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લોગીન પેજ પર ઉપલબ્ધ છે.

➔ જે વિદ્યાર્થીઓનો રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ખોવાઇ ગયેલ હોય કે કોઇ કારણસર બંધ થઇ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ જિલ્લાની **SC/ST/OBC** કચેરીનો સંપર્ક કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી પોતાની પ્રોફાઇલમાં મોબાઇલ નંબર બદલાવી શકે છે.

➔ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં લોગીન થયા બાદ તમામ વિદ્યાર્થીઓએ **"Services"** મેનુમા જઇ **"Scholarship Services"** **Option** પર ક્લીક કરીને જ ઓનલાઇન એપ્લાય કરવાની કામગીરી કરવાની રહેશે. અન્ય કોઇ જગ્યાએથી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ યોજનામાં એપ્લાય કરી શકશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવાની રહેશે.

➔ **"Scholarship Services" Option** પર ક્લિક કર્યા બાદ શૈક્ષણિક વર્ષ દર્શાવતા ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૧૭-૧૮ થી વર્ષ:૨૦૨૫-૨૬ સીલેક્ટ કર્યેથી જો અગાઉના વર્ષોમાં કોઇ શિષ્યવૃત્તિની અરજી ઓનલાઇન કરેલ હશે તો તે અરજી જોઇ શકાશે. ચાલુ વર્ષ:૨૦૨૬-૨૭ માટે ઓનલાઇન અરજી કરવા માટે **"Request a New Services"** બટન પર કલીક કરી **Select Financial Year** ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૨૬-૨૭ જ સીલેક્ટ કરવાનુ રહેશે.

- ➔ જે વિદ્યાર્થીઓએ ગત વર્ષ ૨૦૨૫-૨૬માં ઓનલાઇન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃત્તિ મેળવેલ હતી તેવા વિદ્યાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક **"Renewal"** મોડમાં મુકવામાં આવેલ છે એટલે કે તેવા વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લાય કરવાનુ નથી. **"Renewal"** બટન પર ક્લિક કરી પોતાની તમામ વિગતો જેવી કે **Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail** વિગેરે ચેક કરી જરૂરી બિડાણો અપલોડ કરી અરજી ઓનલાઇન સેન્ડ કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ **SCAN** કરી અપલોડ કરવા)

- ➔ જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક **"Renewal"** મોડમાં ન જોવા મળે તો તેવા વિદ્યાર્થીઓએ **"Request a New Service"** બટન પર ક્લીક કરી **"Select Financial Year"** ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ ૨૦૨૬-૨૭ પસંદ કરીને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

- ➔` જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓએ ફ્રેશ અરજી કરવાની છે તેણે ડિજિટલ ગુજરાત પોર્ટલ ઓપન કરી લોગીન કર્યા બાદ **"Services"** મેનુમા જઇ **"Scholarship Services"** **Option** પર ક્લીક કરી **"Request a New Service"** બટન પર ક્લીક કરવાનું રહેશે. ત્યારબાદ **"Select Financial Year"** ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ:૨૦૨૬-૨૭ સીલેક્ટ કરી **"(Director Scheduled Caste Welfare)"** હેડિંગના નીચે દર્શાવેલ યોજના પૈકી જે યોજનામાં પાત્રતા ધરાવતા હોય તેના પર ક્લીક કરી એપ્લાય કરવાનુ રહેશે. યોજના પંસદ કર્યા બાદ **"Continue to Service"** પર ક્લીક કર્યા બાદ વિદ્યાર્થીએ માગ્યા મુજબની તમામ વિગતો જેવી કે **Registration Detail, Bank Detail, Academic Detail, Disability Detail** વિગેરે ચીવટ પૂર્વક ભરવાની રહેશે અને **Attachment**માં લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ **Upload** કરવાના રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ **SCAN** કરી અપલોડ કરવા)

- ➔ તમામ વિગતોની ચકાસણી કરી અને ડોક્યુમેન્ટ **Upload** થઇ ગયા બાદ વિદ્યાર્થીએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરવાનો રહેશે અને સંપૂર્ણ અરજીપત્રક ભરાઇ ગયા બાદ **"Verify Mobile Number"** પર ક્લીક કરી પોતાના મોબાઇલ પર **OTP** મેળવી ઓનલાઇન અરજી **"Confirm & Final Submit"** કરવાની રહેશે જેથી વિદ્યાર્થીની અરજી સંબંધિત શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં ઓનલાઇન સબમીટ થઇ જશે. ઓનલાઇન અરજી થઇ ગયા બાદ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીએ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા અરજી સાથે બિડાણ કરી પોતાની શાળા/ કોલેજ/ સંસ્થાને જમા કરવાના રહેશે.

નોંધ: જાતિ અને આવક અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે.

# (વિદ્યાર્થીઓ માટે અન્ય અગત્યની સૂચનાઓ)

➔ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે અનુસૂચિત જાતિના તમામ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટે તા:૦૬/૦૭/૨૦૨૬ થી ૩૦/૦૯/૨૦૨૬ સુધીમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર લાગુ પડતી યોજનાઓમાં બિનચૂક **Online** અરજીઓ કરવાની રહેશે.

➔ **વિદ્યાર્થીઓ માટે Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ:**

કેન્દ્ર સરકારશ્રી દ્વારા કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ **(BCK6.1 - With FreshipCard and Without FreeshipCard)** અંતર્ગત વર્ષ: ૨૦૨૫-૨૬થી તમામ વિદ્યાર્થીઓના **Aadhaar Based Biometric eKYC** ફરજિયાત કરવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

ઉકત બાબતે નક્કી થયા મુજબ રાજયમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા રેશનકાર્ડના ડેટાબેઝમાં તમામ લાભાર્થીઓનું **Aadhaar Based Biometric eKYC** કરવામાં આવી જ રહેલ છે. જેથી રાજ્યના અન્ય વિભાગોએ જ્યાં જ્યાં **Aadhaar Based Biometric eKYC** કરવાની જરૂર પડે ત્યારે સંબધિત વિભાગોએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝ સાથે ઓનલાઇન **Integration** કરી **API Service** મારફત સંબંધિત વિદ્યાર્થીઓની આધારની **eKYC**ની વિગતો મેળવી લેવાની રહે છે અલગથી **Aadhaar Based Biometric eKYC** કરવાનું રહેતુ નથી.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું **Integration already** કરવામાં આવેલ છે. જેથી ઉક્ત યોજના અંતર્ગત જ્યારે વિદ્યાર્થીઓ ઓનલાઇન ફોર્મ ભરતા હશે ત્યારે વિદ્યાર્થીઓએ જાતે જ **Aadhaar Based Biometric eKYC**નો ડેટા ઓનલાઇન પોતાનો રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. એન્ટર કરીને મેળવી શકશે. કેન્દ્ર સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત જો વિદ્યાર્થીઓનું **Aadhaar Based Biometric eKYC "Yes"** હશે તો જ વિદ્યાર્થી ઓનલાઇન અરજી કરી શકશે અને પોતાની અરજી સબમીટ કરી શકશે.

વિદ્યાર્થીનું **Aadhaar Based Biometric eKYC** ત્યારે જ **"Yes"** આવશે જ્યારે વિદ્યાર્થીઓએ અન્ન નાગરિક પુરવઠા વિભાગના રેશનકાર્ડના ડેટાબેઝમાં પોતાનું **Aadhaar Based Biometric eKYC** કરાવેલ હશે. વિદ્યાર્થી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝમાં પોતાનું **Aadhaar Based Biometric eKYC** નીચે મુજબના જુદા જુદા ઓપ્શનથી કરી શકશે.

1. **"My Ration" Mobile Application** દ્વારા વિદ્યાર્થી જાતે જ કરી શકશે. **(Mobile App Link: https://play.google.com/store/apps/details?id=gujarat.banaskantha.myration&pcampaignid=web_share)**
2. મામલતદાર કચેરીની પુરવઠા શાખા અથવા મહાનગરપાલિકા વિસ્તારમાં ઝોનલ ઓફીસની મુલાકાત લઇ કરી શકાશે.
3. ગ્રામ પંચાયત કચેરીમાં **VCE** મારફત કરી શકાશે.
4. શાળાના આચાર્યશ્રીઓ પણ કરી શકશે.

જે વિદ્યાર્થીઓએ **Aadhaar Based Biometric eKYC** કરાવવાનું થાય તેઓ પાસે રેશનકાર્ડ હોવું તથા રેશનકાર્ડ માં નામ હોવુ તથા રેશનકાર્ડમાં આધારનંબર સીડ કરેલો હોવો ફરજિયાત છે.

➔ **Family ID Project બાબત:-**

ફેમીલી આઇ.ડી. પ્રોજેક્ટ અંતર્ગત રાજ્ય પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં**(BCK-5)** આધારનંબર, રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. લેવાની સૂચનાઓ મળેલ છે જેથી તમામ વિદ્યાર્થીઓના આધારનંબર, રેશનકાર્ડ નંબર, રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી., નો ડેટા પણ ઓનલાઇન લેવાનો થશે. જે માટે વિદ્યાર્થીઓ ઓનલાઇન ફોર્મ ભરતા હશે ત્યારે પોતાનો રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી. એન્ટર કરીને આવો

ડેટા મેળવી શકશે. વિદ્યાર્થીનો મેમ્બર આઇ.ડી. નંબર **Enter** કરી **Get Details** બટન પર ક્લીક કરવાથી વિદ્યાર્થીની રેશનકાર્ડના ડેટાબેઝમાં ઉપલબ્ધ માહિતી **API** મારફત આવી જશે. વિદ્યાર્થીએ ફરજિયાત સુનિશ્ચીત કરવાનું છે કે માત્ર પોતાનો જ ડેટા **"Get Details"** કરીને મેળવવામાં આવે અને આચાર્યશ્રીઓએ પણ ફરજિયાત સુનિશ્ચીત કરવાનું છે કે જે વિદ્યાર્થીઓએ જે ડેટા **Fetch** કરેલ છે તે સંબધિત વિદ્યાર્થીઓનો જ છે. આ સર્વિસ મારફત અન્ય કોઇ વિદ્યાર્થીઓનો ડેટા મેળવી કોઇ પણ વિદ્યાર્થીઓની અરજીઓ મંજુરી અર્થે રજુ ના થાય તેની તકેદારી શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રીઓએ રાખવાની રહેશે.

➔ **OTR (One Time Registration) બાબત**

કેન્દ્ર સરકારશ્રીએ કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના **(BCK-6.1)** અંતર્ગત **OTR**નો અમલ કરવા જણાવેલ છે. ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું **Integration already** કરવામાં આવેલ છે. આ **OTR** નંબર વિદ્યાર્થીઓએ **National Scholarship Portal(NSP)** પર જઇને જનરેટ કરવાનો રહેશે અને **Digital Gujarat Portal** પર ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીએ આ **OTR** નંબર એન્ટર કરવાનો રહેશે.

➔ વર્ષ: ૨૦૨૨-૨૩થી ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત રાજ્ય સરકારશ્રી દ્વારા ૪૦% તથા કેંદ્ર સરકારશ્રી દ્વારા ૬૦% શિષ્યવૃત્તિનું ચુકવણું આધાર બેઝ જ કરવામાં આવે છે. એટલે કે વિદ્યાર્થીનો આધારનંબર જે બેંક ખાતા સાથે લીંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિની ચુકવણી કરવામાં આવે છે. આથી તમામ વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે કે જે વિદ્યાર્થીઓએ આધાર અને બેંક ખાતાનું લીકીંગ/સીડીંગ કરાવેલ ના હોય તેઓએ તાત્કાલિક કરાવી લેવાનું રહેશે.

➔ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીએ હોસ્ટેલર અંગેનું સર્ટીફીકેટ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરથી ડાઉનલોડ કરીને હોસ્ટેલના સંબંધિત સત્તાધિકારીશ્રીના સહી/સિક્કા કરાવીને સ્કેન કરીને અપલોડ કરવાનુ રહેશે. જે એપ્લાય કરતી વખતે લોગીન થયા બાદ, યોજનામાં એપ્લાય કરતી વખતે **"Instruction"** પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે.

➔ ગુજરાતના મૂળ વતની હોય તેવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ગુજરાત રાજય બહાર **Out State**માં માન્યતા પ્રાપ્ત સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તો તેઓએ પણ **Digital Gujarat Portal** પર **Online** જ અરજી કરવાની રહેશે અને કરેલ અરજીફોર્મ સાથે અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ તથા સંસ્થાની માન્યતા, તેના અભ્યાસક્રમની માન્યતા અને સંસ્થાની ફી મંજૂરીના આદેશની નકલ સંસ્થાના ફોરવર્ડીંગ લેટર સાથે મૂળ વતનના જિલ્લાની અનુસૂચિત જાતિની કચેરીએ જમા કરાવવાની રહેશે.

જે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ યોજનાનું ફોર્મ ભરતી વખતે **"Registration Detail ➔ Current Address State"** માં ગુજરાત રાજ્ય સિવાયનું રાજ્ય પંસદ કરશે તે વિદ્યાર્થી રાજ્ય બહાર અભ્યાસ કરે છે તેવુ ગણવામાં આવશે.

➔ જે વિદ્યાર્થીઓએ ફ્રીશીપકાર્ડના આધારે એડમીશન મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ સંબધિત યોજના જેવી કે **"(BCK-6.1) Post Matric Scholarship for SC Students (GOI) (Freeship Card Students Only)" or "Post Matric Scholarship for SC girls student only (Having annual family income more than 2.50 Lac)(State Government Scheme) (FreeShip Card Student Only) (BCK-5)" or "Post Matric Scholarship for SC Boys Students Only (Having annual Family Income between 2.50 to 6.00 Lac) (State Government Scheme) (Freeship Card Student Only) (BCK-5A)"** યોજનામાં જ એપ્લાય કરવાનુ રહેશે. ભારત સરકારશ્રીની રીવાઇઝ્ડ ગાઇડલાઇન મુજબ શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૨થી ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓની શિક્ષણ ફી પણ વિદ્યાર્થીઓના ખાતામાં જ જમા કરવામાં આવશે. (વિદ્યાર્થીઓના

ખાતામાં શિષ્યવૃત્તિ જમા કરવામાં આવે ત્યારબાદ વિદ્યાર્થીએ દિન-૭માં પોતાની કોલેજ/સંસ્થાને ચુકવવા પાત્ર ફી ફરજિયાત ચુકવી દેવાની રહેશે. જો વિદ્યાર્થી આવી ફી સમયમર્યાદામાં કોલેજ/સંસ્થામાં નહિ ભરે તો સંબંધિત કોલેજ/સંસ્થા વિદ્યાર્થી સામે નિયમોનુસાર કાર્યવાહી કરી શકશે)

ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થી ઓનલાઇન એપ્લાય નહિ કરે અને વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ નહિ મળે તો તેની જવાબદારી જે તે વિદ્યાર્થી/સંસ્થાની રહેશે.

➔ વિદ્યાર્થીએ ઓનલાઇન અરજી કરેલ હશે અને તેને ફાઇનલ સબમીટ કરવામાં નહિ આવેલ હોય કે એપ્લીકેશનની પ્રીન્ટ પોતાની સંસ્થામાં તમામ ડોક્યુમેન્ટ સહીત જમા કરાવેલ નહી હોય તો તેવા વિદ્યાર્થીની અરજી ધ્યાને લઇ શકાશે નહિ.

➔ વિદ્યાર્થીએ પોતાનું બેંકનું ખાતુ ચાલુ રહે તે માટે બેંકના નિયમ મુજબ **KYC (KNOW YOUR CUSTMER)** ફોર્મ ભરેલ છે કે નહીં તેની ખાતરી કરવાની રહેશે. તેમજ જે યોજનાઓમાં બેંકબેઝ ચુકવણા કરવામાં આવે છે તે યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થી દ્વારા જો ફોર્મ ભરતી વખતે ખોટો બેંક એકાઉન્ટ નંબર ભરવામાં આવશે અને શિષ્યવૃત્તિ અન્ય ખાતામાં જમા થશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

➔ જો વિદ્યાર્થીએ પોતાનુ બેંક ખાતુ લાંબા સમયથી ઓપરેટ કરેલ ન હોય (એટલે કે બેંક ખાતામાં પૈસા ઉપાડવાનો કે જમા કરવાનો કોઇ વ્યવહાર કરેલ ન હોય) તેઓના ખાતા ડોરમેન્ટ કે સ્થગિત થઇ ગયેલ હોય છે. આવા ખાતામાં શિષ્યવૃત્તિ જમા થઇ શકતી નથી. જેથી તમામ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિનુ ફોર્મ ભરતી વખતે પોતાનુ ખાતુ ડોરમેન્ટ કે સ્થગિત થઇ ગયેલ નથી તેની ખાતરી બેંકમાં ખાસ કરી લેવાની રહેશે જેથી ઓનલાઇન શિષ્યવૃત્તિ જમા કરતી વખતે મુશ્કેલી ઉભી ન થાય.

➔ વિદ્યાર્થીએ પોતાના અભ્યાસક્રમની વિગત ખૂબ જ સાવધાની પૂર્વક પસંદ કરવાની રહેશે. જો વિદ્યાર્થી દ્વારા કોઇ ખોટી સંસ્થા અથવા ખોટો અભ્યાસક્રમ પસંદ કરવામાં આવશે તો તેની અરજી કોઇ અન્ય શાળા / કોલેજ / યુનિવર્સિટીને **Online Send** થઇ જશે. જો આવી કોઇ પરીસ્થિતિ ઉભી થશે તો તે અંગેની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

➔ વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન ફોર્મ ભરતી વખતે જો તેના પોતાના અભ્યાસક્રમની વિગત મેનુમા ન મળે તો તે અંગેની જાણ તેની સંસ્થાને કરવાની રહેશે અને ત્યારબાદ જો સંસ્થા તે અભ્યાસક્રમ પોતાના લોગીનમાં જઇ એડ કરશે તો વિદ્યાર્થી તે અભ્યાસક્રમ થોડા સમયબાદ સીલેક્ટ કરી શકશે.

➔ વિદ્યાર્થી દ્વારા કોઇપણ પ્રકારની માહિતી ખોટી ભરવામાં/ પસંદ કરવામાં આવશે અથવા કોઇ માહિતી છુપાવવામાં આવશે તો તેને કોઇપણ રીતે ફરીથી સ્કોલરશીપનુ ફોર્મ ભરવા દેવામાં આવશે નહી. જો વિદ્યાર્થી ખોટી રીતે માહિતી છુપાવી શિષ્યવૃત્તિ મેળવવાનો પ્રયાસ કરશે તો તેને શિષ્યવૃત્તિ માટે બ્લેકલીસ્ટ કરી દેવામાં આવશે. વિદ્યાર્થીઓને વિનંતી છે કે તેઓ ફરીથી ડુપ્લીકેટ એપ્લીકેશન ભરવાનો પ્રયત્ન ન કરે.

➔ વિદ્યાર્થીએ ઓનલાઇન એપ્લીકેશન ભરવાની છેલ્લી તારીખ સુધી રાહ ન જોવી અને સંસ્થાના માર્ગદર્શન હેઠળ બને તેટલુ સત્વરે ફોર્મ ભરી દેવા વિનંતી છે.

➔ વિદ્યાર્થીએ સત્ર પૂરૂ થવાની અંદાજિત તારીખ સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે. (વિદ્યાર્થીઓએ વાર્ષિક તારીખ ભરવાની રહેશે. સેમેસ્ટર પધ્ધતિ મુજબ તારીખ ભરવી નહિ.)

➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષ વાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ અપલોડ કરવાની રહેશે તથા સંસ્થાને જમા કરવાની રહેશે. (વિદ્યાર્થીઓએ ઓરીજીનલ ડોક્યુમેન્ટ **SCAN** કરી અપલોડ કરવા)

➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમિયાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબનુ એકરારનામું કરી અપલોડ કરવાનુ રહેશે અને અરજી સાથે સંસ્થાને રજુ કરવાનુ રહેશે.

➔ વિદ્યાર્થી અરજી ઓનલાઇન ફાઇનલ સબમીટ કરશે ત્યારબાદ કોઇ સુધારા-વધારા કરી શકશે નહિ. જેથી ઓનલાઇન અરજીમાં વિદ્યાર્થીઓએ જો કોઇ સુધારો-વધારો કરવાની જરૂરીયાત ઉભી થાય તો સંસ્થાએ આવી અરજી પરત કરી વિદ્યાર્થી પાસે જરૂરી સુધારા-વધારા કરાવવાના રહેશે તેમજ અરજી પરત કર્યા અંગે વિદ્યાર્થીને જરૂરી સૂચના આપવાની રહેશે. (પોર્ટલમાં વિદ્યાર્થીના લોગીનમાં હવે “Withdraw” ની ફેસીલીટી મુકવામાં આવેલ છે જેથી જો સંસ્થાએ વિદ્યાર્થીની અરજી પર કોઇ કાર્યવાહી ન કરેલ હોય તો વિદ્યાર્થી જાતે જ પોતાની અરજી પરત ખેચી શકશે અને પોતાની અરજીમાં સુધારા-વધારા કરી ફરી સેન્ડ કરી શકશે.)

➔ શિષ્યવૃત્તિની તમામ કામગીરી ઓનલાઇન થતી હોય કોઇપણ વિદ્યાર્થીને ઓફલાઇન શિષ્યવૃત્તિ ચુકવવામાં આવશે નહિ જેની તમામ વિદ્યાર્થીઓ/આચાર્યશ્રીઓએ નોંધ લેવી.

➔ વિદ્યાર્થીએ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ફોર્મ ભરતી વખતે કોઇ જરૂર જણાય તો હેલ્પ ડેસ્ક નં:**18002335500** પર સંપર્ક કરવાનો રહેશે.

## (વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતા પહેલા નીચે મુજબની વિગતો ધ્યાને રાખવી તથા નીચે મુજબના તમામ ઓરીજીનલ ડોક્યુમેન્ટ સ્કેન કરીને રાખવા)

### ધ્યાને રાખવાની વિગતો:

- ➔ વિદ્યાર્થીએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનુ છે કે તેનુ પોતાનુ ઇ-મેઇલ એડ્રેસ હોવું જરૂરી છે જો તે ન હોય તો તેને તાત્કાલિક ઇ-મેઇલ આઇ.ડી બનાવવાનું રહેશે.
- ➔ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીના મોબાઇલ નંબર પર **OTP (ONE TIME PASSWORD)** આવશે. તેમજ ભવિષ્યમાં જરૂરી મેસેજ તથા સુચનાઓ આવશે જેથી પોતાનો મોબાઇલ નંબર શિષ્યવૃત્તિ ન મળે ત્યા સુધી કાર્યરત રહે તે વિદ્યાર્થીઓએ ખાસ ધ્યાનમાં રાખવુ.
- ➔ વર્ષ: ૨૦૨૨-૨૩થી ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત રાજ્ય સરકારશ્રી દ્વારા ૪૦% તથા કેંદ્ર સરકારશ્રી દ્વારા ૬૦% શિષ્યવૃત્તિનું ચુકવણું આધાર બેઝ જ કરવામાં આવે છે. એટલે કે વિદ્યાર્થીનો આધારનંબર જે બેંક ખાતા સાથે લીંક/સીડ હોય તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિની ચુકવણી કરવામાં આવશે.

### ડોક્યુમેન્ટ:

- ➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ વિદ્યાર્થીનો જાતિનો દાખલો
- ➔ સક્ષમ અધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ વાલીનો આવકનો દાખલો (જો પિતા હયાત ન હોય તો તેવા કિસ્સામાં પિતાનાં મૃત્યુનું પ્રમાણપત્ર અને જો માતા-પિતાએ છૂટાછેડા લીધા હોય તેના આદેશ/આધાર રજૂ કર્યેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે)(જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનુ ઇન્કમટેક્ષ માટેનુ ફોર્મ-૧૬ અપલોડ કરવુ)
- ➔ વિદ્યાર્થીએ ધોરણ:૧૦ તથા ત્યારબાદ કરેલ તમામ અભ્યાસક્રમની વર્ષ વાઇઝ ફાઇનલ વર્ષની ક્રમાનુસાર માર્કશીટ
- ➔ બેંક પાસબુકનું પ્રથમ પાનું જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (**IFSC**), બેંકની શાખા દર્શાવેલ હોય તે/ જો પાસબુક ન હોય તો **Cancel** ચેક જેમાં ખાતા નંબર, આઇએફએસસી કોડ (**IFSC**), બેંકની શાખા દર્શાવેલ હોય તે (જે બેંકો મર્જ થયેલ હોય તેવા કિસ્સામાં નવી બેંકના **IFSC** તથા નવા બેંક એકાઉન્ટ નંબર વાળી પાસબુક/ચેક)
- ➔ ધોરણ:૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઇપણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઇપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબનું એકરારનામું
- ➔ જે વિદ્યાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું સર્ટીફીકેટ (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિક્કા કરાવવાનાં રહેશે)
- ➔ જો વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર
- ➔ વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોંચ (વાર્ષિક) (ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીને લાગુ પડશે નહિ)
- ➔ પાસપોર્ટ સાઇઝનો ફોટો
- ➔ વિદ્યાર્થીનીના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર
- ➔ આધારનંબર, રેશનકાર્ડ નંબર
- ➔ જરૂર પડ્યે જિલ્લા અધિકારીશ્રી દ્વારા માંગવામાં આવતા અન્ય આનુષાંગિક પુરાવા

નોંધ: ૧. વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે ફક્ત ઓરીજીનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવા (જો કોઇ ડોક્યુમેન્ટ ઓરીજીનલ ઉપલબ્ધ ન થઇ શકે તેમ હોય તો જ નકલ અપલોડ કરવાની છુટ આપવામાં આવશે)

૨. ફોર્મ સંસ્થામાં જમા કરાવતી વખતે જે ડોક્યુમેન્ટ અપલોડ કરેલ હોય તેની સ્વપ્રમાણિત નકલ સહિત સંસ્થામાં ફોર્મ આપવુ.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર

**Digital Gujarat Portal** મારફત **Online** હોય તેવી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ / સહાય યોજનાઓની વિગત (વર્ષ:૨૦૨૬-૨૭) (પત્રક-અ)

| અ. | યોજનાનું નામ | આવક મર્યાદા | કુમાર / કન્યા | સહાયની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| 1 | **Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1)** | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | શૈક્ષણિક ભથ્થુ તથા માન્ય શિક્ષણફી મળવા પાત્ર | - ધો:૧૧-૧૨, કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- ફ્રીશીપકાર્ડ વગરના વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ.<br>- શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧-૨૨થી વિદ્યાર્થીઓને રાજ્ય સરકારશ્રી દ્વારા કુલ શિષ્યવૃત્તિના ૪૦% રકમ ચુકવવામાં આવશે અ બાકીની ૬૦% શિષ્યવૃત્તિ કેંદ્ર સરકારશ્રી દ્વારા ડાયરેક્ટ વિદ્યાર્થીના બેંક ખાતામાં ચુકવવામાં આવશે જે અંગેની નોંધ તમા શાળા/કોલેજ/વિદ્યાર્થીઓએ લેવી. (રાજ્ય સરકાર તેમજ કેંદ્ર સરકાર દ્વારા આધાર બેઝ પેમેન્ટ કરવામાં આવતુ હોય તમા વિદ્યાર્થીઓએ પોતાના આધારનંબર ને બેંક ખાતા સાથે તાત્કાલિક લીંક કરાવી લેવા તાકીદ કરવામાં આવે છે) (ક્રમ નઃ 1 મુજબની ફ્રીશીપકાર્ડ યોજનામાં પણ આ જ પધ્ધતિ લાગુ પડશે) |
| 1A | **Post Matric Scholarship for SC Students (GOI) (Freeship Card Students Only) (BCK-6.1)** | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | શૈક્ષણિક ભથ્થુ તથા માન્ય શિક્ષણ ફી મળવા પાત્ર | - કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ<br>- વર્ષ:૨૦૨૧-૨૨થી આ યોજનામાં તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના ખાતામાં જ જમા કરવામાં આવશે. વિદ્યાર્થીના ખાતામ શિષ્યવૃત્તિ જમા થયેથી વિદ્યાર્થીએ દિન-૭માં કોલેજ/સંસ્થામાં ભરવા પાત્રફી કોલેજને ફરજિયાત ચુકવવાની રહેશે. |
| 2 | **Food Bill Assistance to SC Students (BCK-10)** | રૂ. ૬.૦૦ લાખ | કુમાર અને કન્યા | ૧૫૦૦/- માસિક સહાય (૧૦ માસ માટે) | - સંસ્થા(કોલેજ) સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ ભોજનબીલ મળવાપાત્ર છે. |
| 3 | **Fellowship Scheme for M.Phil, Ph.D. for SC Students (BCK-11)** | રૂ. ૬.૦૦ લાખ | કુમાર અને કન્યા | ૨૫૦૦૦/- **M.Phil**<br>૧૦૦૦૦૦/- **P.hd** | - આ યોજનાનો લાભ **M.Phil/P.hd**માં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને મહાનિબંધ (થીસીસ) રજુ કરવાની શરતે મળવાપાત્ર થશે. |
| 4 | **Instrumental Help to SC Students (Medical, Engineering, Diploma Students Only) (BCK-12)** | રૂ. ૬.૦૦ લાખ | કુમાર અને કન્યા | ૧૫૦૦૦/- **Medical**<br>૧૦૦૦૦/- **Engineering**<br>૫૦૦૦/- **Diploma** | - **Medical, Engineering, Diploma**ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે. |
| 5 | **Scholarship/Stipend to SC Students for ITI/Professional Courses (BCK-13)** | રૂ. ૬.૦૦ લાખ | કુમાર અને કન્યા | ૪૦૦/- માસિક સહાય | - **ITI**માં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર |
| 6 | **Post Matric Scholarship for SC Girls Students Only (Having annual Family Income more than 2.50 Lac) (State Government Scheme) (BCK-5)** | આવક મર્યાદા નથી | માત્ર કન્યા | શૈક્ષણિક ભથ્થુ તથા માન્ય શિક્ષણ ફી મળવા પાત્ર | - ધો:૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- ઠરાવની શરતો મુજબ ૫૦% નુ ધોરણ ચકાસ્યા બાદ ટ્યુશનફી મળવાપાત્ર |
| 6A | **Post Matric Scholarship for SC girls student only (Having annual family income more than 2.50 Lac)(State Government Scheme) (FreeShip Card Student Only) (BCK-5)** | આવક મર્યાદા નથી | માત્ર કન્યા | શૈક્ષણિક ભથ્થુ તથા માન્ય શિક્ષણ ફી મળવા પાત્ર | - કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતી વિદ્યાર્થીનીઓએ જ એપ્લાય કરવુ<br>- યોજનાના ઠરાવની શરતો મુજબ ૫૦% નુ ધોરણ ચકાસ્યા બાદ ટ્યુશનફી મળવાપાત્ર |
| 7 | **Post Matric Scholarship for SC Boys Students Only (Having annual Family Income between 2.50 to 6.00 Lac) (State Government Scheme) (BCK-5A)** | રૂ.૨.૫૦ લાખ થી રૂ.૬.૦૦ લાખ | માત્ર કુમાર | શૈક્ષણિક ભથ્થુ તથા માન્ય શિક્ષણ ફી મળવા પાત્ર | - ધો:૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- ઠરાવની શરતો મુજબ ૫૦% નુ ધોરણ ચકાસ્યા બાદ ટ્યુશનફી મળવાપાત્ર |
| 7A | **Post Matric Scholarship for SC Boys Students Only (Having annual Family Income between 2.50 to 6.00 Lac) (State Government Scheme) (Freeship Card Student Only) (BCK-5A)** | રૂ.૨.૫૦ લાખ થી રૂ.૬.૦૦ લાખ | માત્ર કુમાર | શૈક્ષણિક ભથ્થુ તથા માન્ય શિક્ષણ ફી મળવા પાત્ર | - ધો:૧૧-૧૨, કોલેજકક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતી વિદ્યાર્થીનીઓએ જ એપ્લાય કરવુ<br>- ઠરાવની શરતો મુજબ ૫૦% નુ ધોરણ ચકાસ્યા બાદ ટ્યુશનફી મળવાપાત્ર |
| 8 | **Private Tuition Coaching Assistance to SC Students (Science Stream) (Std:11-12) (BCK-7)** | રૂ. ૬.૦૦ લાખ | કુમાર અને કન્યા | ધો:૧૧માં રૂ.૧૫૦૦૦/-<br>ધો:૧૨માં રૂ.૧૫૦૦૦/- | - ધો:૧૧ તથા ૧૨ (વિજ્ઞાન પ્રવાહના) અનુ.જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન કરવા માટે સહાય આપવામાં આવે છે.<br>- ધો:૧૦માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોવા જોઇએ |

નોંધ: ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે. (ઉક્ત તમામ યોજનાઓ માત્ર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે જ છે)

## <u>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર</u>

## <u>નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર</u>

### ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ ITI/ સંસ્થાઓ પાસેથી પોસ્ટમેટ્રીક યોજનાઓની **Online** દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું “માસવાર આયોજન” પત્રક (વર્ષ:૨૦૨૬-૨૭)

| નં | માસ | NIC દ્વારા થનાર કામગીરી | શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાઓએ કરવાની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | જુલાઇ-ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૬ | જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હોય અને ચાલુ વર્ષે રીન્યુઅલ માટે **Eligible** થતા હોય તેવા વિદ્યાર્થીઓની અરજીઓ ખાતામાં રીન્યુઅલ તરીકે મુકવી.<br>જિલ્લા કક્ષાએ ઓનલાઇન એપ્લીકેશન ફોરવર્ડ કરવા બાબતના તથા બીલોને લગતા ટેકનિકલ પ્રશ્નો ઉદભવે તો તેનુ નિરાકરણ કરવુ. | શૈક્ષણિક વર્ષ:૨૦૨૬-૨૭ માટે ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાઓએ તમામ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન તા:૦૬/૦૭/૨૦૨૬ થી 30/0૯/૨૦૨૬ સુધી કરાવવી. તા:30/0૯/૨૦૨૬ સુધીમાં જે અરજીઓ મળેલ હોય તે જિલ્લા કચેરીઓને ઓનલાઇન અરજીઓ તથા હાર્ડકોપી સહિતની દરખાસ્ત મોકલી આપવી.<br>(ઉક્ત તારીખો પહેલા જો સંસ્થામાં દરખાસ્તો તૈયાર થઇ જાય તો વહેલા જિલ્લા કચેરીઓએ રજુ કરવી.) | શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાઓને વર્ષ:૨૦૨૬-૨૭નો પરિપત્ર તા:૦૬/૦૭/૨૦૨૬ સુધીમાં મોકલી આપવો.<br>ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાઓ તરફથી જેમ-જેમ વર્ષ:૨૦૨૬-૨૭ની ઓનલાઇન એપ્લીકેશન/દરખાસ્તો મળતી જાય તેમ તેમ એપ્લીકેશન મંજુરીની કામગીરી કરવી.<br>જેમ જેમ એપ્લીકેશન એપ્રુવ થતી જાય તેમ તેમ બીલો બનાવી ટ્રેઝરી/PFMSમાં બીલો દાખલ કરવાની કામગીરી કરવી. |
| ૨ | ઓક્ટોબર-નવેમ્બર-ડિસેમ્બર-૨૦૨૬ | શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થા/ જિલ્લા કક્ષાએ ઓનલાઇન એપ્લીકેશન ને લગતા તથા બીલોને લગતા ટેકનિકલ પ્રશ્નો ઉદભવે તો તેનુ નિરાકરણ કરવુ. | શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે શાળા / કોલેજ/ યુનિવર્સિટી/ ITI/ સંસ્થાના બાકી રહેતા તમામ ફ્રેશ/રીન્યુઅલ વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન સંબધિત જિલ્લા કચેરીને તા:30/૧0/૨૦૨૬ સુધીમાં હાર્ડકોપી સહિતની દરખાસ્તો મોકલવી. | વર્ષ:૨૦૨૬-૨૭ની જુદી જુદી પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ૧૦૦% એપ્લીકેશન નિયમોનુસાર મંજુર કરી બીલો બનાવી ટ્રેઝરી/PFMSમાં મોકલી આપવા અને તા:૩૧/૧૦/૨૦૨૬ સુધીમાં ૮૦% અને તા:૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં ૧૦૦% વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનુ ચુકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. |